BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

પરિપત્ર:

વિષય: ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) અને જાહેરાત ક્રમાંક ૧૨/૨૦૨૧૨૨ જુનિયર ક્લાર્ક (વહિવટ/હિસાબ) ની સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજન અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાની કોલેજોની માહિતી આપવા બાબત.

સંદર્ભ: જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરી, ગીરસોમનાથ નાં પત્ર ક્રમાંક જિપં/મકમ-૮/જઇ-૨૯૯/૨૦૨૨, તા.૦૫/૦૪/૨૦૨૨.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન ગીર સોમનાથ જિલ્લામાં આવતી તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પંચાયત સેવા વર્ગ-૩ ની જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) અને જાહેરાત ક્રમાંક૧૨/૨૦૨૧૨૨ જુનિયર કલાર્ક (વહીવટ/હિસાબ) બન્ને સંવર્ગની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન આગામી સમયમાં મંડળ દ્વારા કરવાનું થતું હોય આ સાથે સામેલ પરીપત્રોની સૂચનાઓ અનુસાર આ બન્ને સંવર્ગની પરીક્ષા માટે ઉપલબ્ધ થઇ શકે તેવા પરીક્ષાર્થીઓ માટેની બેઠક વ્યવસ્થા માટેની બેંચીસ વગેરે જરૂરી સગવડ ઉપલબ્ધ હોય તેવી અત્રેની યુનિવર્સીટી સંલગ્ન ગીર સોમનાથ જિલ્લામાં આવતી તમામ કોલેજોની માહિતી આ સાથે સામેલ પત્રક-૧ માં તેમજ પત્રક-૨ માં તેની સમરી સોફ્ટકોપી (એક્સેલ શીટ શ્રુતિ ફોન્ટ) માં ddo.girsomnath@gmail.com / esta.dyddogs@gmail.com પર ઇ-મેલ દ્વારા તથા હાર્ડકોપી જિલ્લા પંચાયતની કચેરી, ગીર સોમનાથ ને સત્વરે મોકલી આપવા જણાવવામાં આવે છે તેમજ તેની એક નકલ અત્રેની યુનિવર્સિટીના ઇ.મેલ. આઇ.ડી. academicbknmu@gmail.com પર જાણ અર્થે અચૂકપણે મોકલી આપવી.

કા.કુલસચિવ

બિડાણ:- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૫૬૪/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૦/૦૪/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન ગીર સોમનાથ જિલ્લામાં આવતી તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# જિલ્લા પંચાયત કચેરી–ગીર સોમનાથ
## જિલ્લા પંચાયત ભવન

બ્લોક–સી, પહેલો માળ, રૂમ નં.૧૧૫, વેરાવળ–તાલાલા રોડ,
મુ.ઇણાજ, તા.વેરાવળ, જિ.ગીર સોમનાથ–૩૬૨૨૬૯
ફોન નં.(૦૨૮૭૬) ૨૮૫૨૫૦, ફેક્સ નં.(૦૨૮૭૬) ૨૮૫૨૫૫
ઈ–મેઈલ : ddo.girsomnath@gmail.com / esta.dyddogs@gmail.com


-AD-

નં.જિપં/મકમ–૮/જઇ–૮૫/૨૦૨૨ તા. ૦૫/૦૪/૨૦૨૨

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,
ખડીયા રોડ, ડુંગરપુર,
જુનાગઢ–૩૬૨૨૬૩

વિષય:– ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) અને જાહેરાત ક્રમાંક:૧૨/૨૦૨૧૨૨ જુનિયર ક્લાર્ક (વહીવટ/હિસાબ) ની સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજન બાબત.

સંદર્ભ:– (૧) શિક્ષણ વિભાગના પરીપત્ર ક્રમાંક:બમશ/૧૩૧૮/૯૨/ગ, તા.૨૩/૦૧/૨૦૧૮.
(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મંડળ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/૨૦૧૭/૧૫૧૧૧/૧૫૧, તા.૩૦/૧૦/૨૦૧૭
(૩) મંડળની જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧૨૨ અને જાહેરાત ક્રમાંક:૧૨/૨૦૨૧૨૨
(૪) સચિવશ્રી, ગુ.પં.સે.પ.મંડળ, ગાંધીનગરના પત્ર નં.આરબી–૨/૨૩૨/પરીક્ષા કેન્દ્ર માહિતી/૨૦૨૨/૯૧૧૩ થી ૯૧૪૫, તા.૨૫/૦૩/૨૦૨૨.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પંચાયત સેવા વર્ગ–૩ ના ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) અને જુનિયર ક્લાર્ક (વહીવટ/હિસાબ) સંવર્ગની સંદર્ભ–૩ ની વિગતે પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે આગામી સમયમાં ઉક્ત બંને સંવર્ગોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન મંડળ દ્વારા કરવાનું થતું હોઈ તે માટેના પરીક્ષા કેન્દ્રો (શાળા/કોલેજો) ની માહિતી મોકલી આપવા સંદર્ભ–૪ થી જણાવેલ છે.

જેથી સંદર્ભ–૧ તથા સંદર્ભ–૨ દર્શિત પરીપત્ર/પત્રની સૂચનારો ધ્યાને લઈ, સદર બંને સંવર્ગની પરીક્ષા માટે ઉપલબ્ધ થઈ શકે તેવા પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા માટેની બેંચીસ વગેરે જરૂરી સગવડ ઉપલબ્ધ હોય તેવા ગીર સોમનાથ જિલ્લાના આપના તાબા હેઠળના પરીક્ષા કેન્દ્રો (કોલેજો) (ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/સ્વનિર્ભર) ની યાદી સંદર્ભ–૪ સાથેના પત્રક–૧ માં તથા પત્રક–૨ માં તેની સમરી સોફ્ટકોપી(એક્સેલ શીટ શ્રુતિ ફોન્ટ) માં તથા હાર્ડકોપી અત્રેને ઈ–મેઈલ દ્વારા તાત્કાલીક મોકલી આપવા વિનંતી.

જિલ્લા વિકાસ અધિકારી
ગીર સોમનાથ

બિડાણ:– સંદર્ભ–૧,૨,૪

<u>નકલ સવિનય રવાના:–</u>

સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

Scanned with CamScanner

ન.આરબી-૨/૨૩૨/પરીક્ષા કેન્દ્ર માહિતી/૨૦૨૨/૯૧૧૩ થી ૯૨૪૫

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન
સેક્ટર-૧૦/એ,ગાંધીનગર
Email:- sec-gspsb-ahd@gujarat.gov.in

તા. 25 MAR 2022

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી તમામ

વિષયઃ- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંકઃ-૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી(તલાટી કમ મંત્રી) અને જાહેરાત ક્રમાંકઃ-૧૨/૨૦૨૧૨૨ જુનીયર કલાર્ક (વહીવટ/હિસાબ) ની સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજન બાબત.

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ-બમશ/૧૩૧૮/૯૨/ગ તા ૨૩-૨-૨૦૧૮
(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મંડળ,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ- મઉમશબ/ ૨૦૧૭ /૧૫૧૧૧/૧૫૧ તા 30-૧૦-૨૦૧૭
(૩) મંડળની જાહેરાત્ત ક્રમાંકઃ-૧૦/૨૦૨૧૨૨ અને જાહેરાત ક્રમાંકઃ-૧૨/૨૦૨૧૨૨

શ્રીમાન,

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પંચાયત સેવા વર્ગ-૩ના જાહેરાત ક્રમાંકઃ-૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી(તલાટી કમ મંત્રી) અને જુનીયર કલાર્ક (વહીવટ/હિસાબ) સંવર્ગની સંદર્ભ(૩)ની વિગતે જાહેરાત પ્રસિધ્ધ કરી ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મેળવવામાં આવેલ છે.

૨. ઉપરોકત બન્ને જાહેરાતો ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) તથા જુનીયર કલાર્ક (વહીવટ/હિસાબ) અન્વયે આથી આગામી સમયમાં ઉકત બંને સંવર્ગોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન મંડળ દ્વારા કરવાનું થતું હોઇ તે માટેના પરીક્ષા કેન્દ્રો(શાળા/કોલેજો) ની માહિતી મેળવવી જરૂરી છે. જેથી સંદર્ભ (૧) અને (૨) દર્શિત પરિપત્ર/પત્રની સૂચનાઓ ધ્યાને લઇ, સદર બંને સંવર્ગની પરીક્ષા માટે ઉપલબ્ધ થઇ શકે તેવા, પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા માટેની બેંચીસ વગેરે જરૂરી સગવડ ઉપલબ્ધ હોય તેવા આપના જિલ્લામાં આવેલ પરીક્ષા કેન્દ્રો(શાળા/કોલેજો) (ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/સ્વનિર્ભર) ની યાદી આ સાથેના પત્રક-૧માં મોકલી આપવા વિનંતી છે. પત્રક-૨માં તેની સમરી મોકલી આપવા વિનંતી છે. ઉપરોકત માહિતી સોફ્ટકોપી(Excel Format) માં તથા pdf Format માં અત્રેના Email id - sec-gspsb-ahd@gujarat.gov.in ઉપર મોકલી આપવા આજ્ઞાનુસાર સવિનય વિનંતી છે.

"મંડળના આદેશાનુસાર"

આપનો વિશ્વાસુ,

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

બિડાણઃ
(૧) શિક્ષણ વિભાગના પરીપત્ર ક્રમાંકઃબમશ/૧૩૧૮/૯૨/ગ તા.૨૩-૦૨-૨૦૧૮.

Scanned with CamScanner

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મંડળ,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ-મઉમશબ/ ૨૦૧૭ /૧૫૧૧૧/૧૫૧ તા 30-10-૨૦૧૭

(૩) પત્રક-૧ અને પત્રક-૨

નકલ સવિનય રવાનાઃ-

(૧) માન.અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર

(૨) માન.વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned with CamScanner

# પત્રક-૧

**(સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપલબ્ધ થઇ શકે તેવા શાળા/કોલેજની વિગતો)**

જિલ્લાનું નામ - ..................................

| ક્રમ | શાળા/કોલેજ નું નામ | શાળા/કોલેજ નું પુરૂ સરનામું | વર્ગખંડ માં સીસીટીવી. (રેકોર્ડીંગ સહિત) ઉપલબ્ધ છે કે કેમ? (Yes/No) | ઉપલબ્ધ કરવામાં આવનાર વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારો ની વર્ગખંડ દીઠ બેઠક ક્ષમતા | ઉમેદવારો ની કુલ બેઠક ક્ષમતા | કેન્દ્ર સંચાલક નું નામ અને સંપર્ક નંબર | પરીક્ષા સંચાલન માટે ઇન્વીજીલેટર, સુપરવાઇઝર વગેરે સ્ટાફની ઉપલબ્ધી (Yes/No) |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

તારીખ:-...../...../૨૦૨૨

જિલ્લા વિકાસ અધિકારી
..........જિલ્લા પંચાયત

# પત્રક-૨ (સમરી પત્રક)

જિલ્લાનું નામ - ..................................

| ક્રમ | વિગત | જિલ્લા મથક ખાતે | | | તાલુકા મથક ખાતે | | | અંન્ય સ્થળે | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રોની સંખ્યા | વર્ગખંડો ની સંખ્યા | ઉમેદવારો ની કુલ બેઠક ક્ષમતા | ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રોની સંખ્યા | વર્ગખંડો ની સંખ્યા | ઉમેદવારો ની કુલ બેઠક ક્ષમતા | ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રોની સંખ્યા | વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની કુલ બેઠક ક્ષમતા |
| ૧ | સીસીટીવી ધરાવતા શાળા/કોલેજ ની સંખ્યા | | | | | | | | | |
| ૨ | સીસીટીવી ન ધરાવતા શાળા/કોલેજ ની સંખ્યા | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | |

તારીખ:-..../..../૨૦૨૨

જિલ્લા વિકાસ અધિકારી
..........જિલ્લા પંચાયત

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ
ગાંધીનગર

૨૫૮

ક્રમાંક:મઉમશબ/૨૦૧૭/ 15111 / 151
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૩૦/૧૦/૨૦૧૭

**સમયમર્યાદા**
અગત્યનું

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં CCTV ની વ્યવસ્થા કરવા બાબત.

સંદર્ભ :- ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગરના તા.૨૮/૦૯/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૧૫૮૮૯/૯૨૭.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે બોર્ડના તા.૨૮/૦૯/૨૦૧૭ ના પત્રથી રાજ્યમાં શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સલામતી માટે શાળા સંકુલમાં CCTV લગાવવા અને તેને કાર્યરત રાખવા માટે વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે નોંધાયેલ તમામ શાળાઓ તે સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરે અને સમયમર્યાદામાં તમામ કાર્યવાહી પૂર્ણ થાય તેની ખાત્રી કરવા જણાવવામાં આવે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો-૧૦ અને ધો-૧૨ ની જાહેર પરીક્ષાઓના પરીક્ષા કેન્દ્રોમાં CCTVની સગવડ હોવી જ જોઈએ અને તે માટેની નીતિ વર્ષ-૨૦૧૪ થી અમલમાં છે. આથી પરીક્ષાના સંદર્ભમાં અને શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સલામતીના સંદર્ભમાં તમામ શાળાઓમાં ૧૦૦% CCTV ની વ્યવસ્થાની ખાત્રી કરવા અને તે કાર્યરત રહે તે જોવા જણાવવામાં આવે છે. સરકારશ્રીની સૂચનાઓનો ભંગ કરનાર સામે જરૂરી કાર્યવાહી કરવાની થાય છે જેથી જે શાળાઓ સૂચનાઓ મુજબ કાર્યવાહી ન કરે તો તેવી શાળાઓની માન્યતા રદ કરવા માટે દરખાસ્ત મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લામાં આવેલ આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળની શાળાઓ, સમાજ કલ્યાણ વિભાગ હેઠળની શાળાઓ, નિયામકશ્રી શાળાઓના હસ્તક ચાલતી ગ્રાન્ટ-ઈન-એઈડ, મોડેલ શાળાઓ, RMSA હસ્તકની શાળાઓ અને સરકારી શાળાઓમાં પણ ૧૦૦% CCTV ની વ્યવસ્થા સમયમર્યાદામાં થઈ જાય તે માટે ચોકસાઈ કરવા વિનંતી કરવામાં આવે છે.

(આર. આઈ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના :-**

- માન. અગ્રસચિવશ્રી શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ અર્થે.

(પાછળ)...

Scanned with CamScanner

ગુજરાત જાહેર સેવા આયોગ તથા અન્ય ભરતી સંસ્થાઓ દ્વારા યોજાતી અધિકારીઓ / કર્મચારીઓની ભરતી માટેની સ્પર્ધાત્મક, ખાતાકીય અથવા અન્ય પરીક્ષાઓ માટે સરકારના અનુદાનથી ચાલતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મકાન ઉપલબ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: બમશ-૧૩૧૮-૯૨-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૩/૦૨/૨૦૧૮

**વંચાણે લીધા :**

(૧) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરનો તારીખ: ૦૪/૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક: પરચ/ ૧૦૧૭/૦૧/પરીક્ષા સંચાલન

(૨) શિક્ષણ અને શ્રમ વિભાગના તા. ૧/૧/૧૯૭૨ના ઠરાવ ક્રમાંક: SSN-3471-90703-G

**પ્રસ્તાવના :-**

સરકારી તંત્રને ગતિશીલ રાખવા માટે જરૂરી ગુણવત્તા સભર અધિકારીઓ અને કર્મચારીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. આ અધિકારીઓ/કર્મચારીઓ સરકારની જુદી જુદી ભરતી સંસ્થાઓ દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તિર્ણ થઇને સરકારમાં પોતાનું યોગદાન આપે છે.

સરકારની જુદી જુદી ભરતી સંસ્થાઓ દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓનો વ્યાપ વિશાળ હોવાથી માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થાઓના મકાનમાં પરીક્ષાઓ યોજવી શક્ય બનતી નથી. આ કારણસર સરકારના અનુદાનથી ચાલતી શૈક્ષણિક સંસ્થાઓના તથા અન્ય ખાનગી સંસ્થાઓના મકાનોમાં પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. પણ અનુભવે જણાયું છે કે આવી રાષ્ટ્રીય મહત્વની કામગીરીમાં સરકારના અનુદાનથી ચાલતી કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ તથા અન્ય ખાનગી સંસ્થાઓ દ્વારા જોઇએ તેવો સહકાર મળતો નથી. કેટલીક સંસ્થાઓનાં સંચાલક/આચાર્ય તેમની સંસ્થાના મકાનમાં આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના આયોજન માટે સંમતિ જ આપતાં નથી.

આ પરિસ્થિતીને ધ્યાને લઇ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા. ૦૪/૧૨/૨૦૧૭ના સંદર્ભ (૧) હેઠળના પત્રથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તેમજ રાજ્ય સરકારના મંડળ/બોર્ડ/નિગમો દ્વારા યોજાતી સરકારની જુદા જુદા સંવર્ગો માટેની સીધી ભરતીની, બઢતી માટેની સ્પર્ધાત્મક, ખાતાકીય તથા અન્ય પરીક્ષાના આયોજન માટે માધ્યમિક શાળા/કોલેજના મકાનનો ઉપયોગ માટે આપવા સ્થાયી સૂચના બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવી છે. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :-**

પુખ્ત વિચારણાના અંતે સંદર્ભ – (૨) હેઠળના તત્કાલિન શિક્ષણ અને શ્રમ વિભાગના તા. ૧/૧/૧૯૭૨ના ઠરાવથી આ અંગે આપવામાં આવેલ સૂચનાઓને ધ્યાને લઇ સરકારના અનુદાનથી ચાલતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મકાન જરૂરી ફર્નિચર અને અન્ય તમામ ઉપલબ્ધ સુવિધાઓ સાથે ગુજરાત જાહેર સેવા આયોગ તેમજ રાજ્ય સરકારની અન્ય ભરતી સંસ્થાઓ દ્વારા યોજાતી સરકારની જુદા જુદા સંવર્ગો માટેની સીધી ભરતીની, બઢતી માટેની સ્પર્ધાત્મક, ખાતાકીય તથા અન્ય પરીક્ષાના આયોજન માટે આપવા તથા આવી પરીક્ષાઓમાં તમામ પ્રકારનો સહકાર [illegible] સૂચના આપવામાં આવે છે.

આથી, હવે આવી ફરિયાદ મળેથી આ સૂચનાઓનું [illegible] કરનાર [illegible] નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે

Scanned with CamScanner

આ અંગેની ફરિયાદ/અન્ય ભરતી સંસ્થાઓ બારોબાર સાંભળવી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) ની કચેરી, સેક્ટર -૧૦/બી. ગાંધીનગરએ કરવાની રહેશે અને GSHSEB દ્વારા આ બાબતને અગ્રતા આપી તમામ કાર્યવાહી દિન-૧૫માં પૂરી કરવાની રહેશે.

આ સુચના વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન. મંત્રીશ્રીની તારીખ : ૦૯/૦૨/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(મહેશ ભટ્ટ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર*
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી શિક્ષણ ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેકટર-૧૦એ, ચ-૩, ગાંધીનગર. *
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, લોકરક્ષક ભરતી બોર્ડ, સ્ટેટ કંટ્રોલરૂમ, આઇ. જી. વડોદરા- રેન્જ ઓફિસ, રૂમ નં. ૪૫, કોઠી બિલ્ડીંગ, રાવપુરા, વડોદરા. *
- અધ્યક્ષશ્રી, પી.એસ.આઇ. ભરતી બોર્ડ, રૂમ નં. ૧૦૧, પહેલો માળ, પ્રોટેક્ટ ધ સ્ટ્રેન્થ ઓફ ધી યુનિવર્સિટી ઓફિસ, ન્યુ મેન્ટલ કોર્નર, મેઘાણી નગર, અમદાવાદ. *
- સચિવશ્રી, ગુજરાત પંચાયત પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર. *
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીઓ.
- વિભાગની સર્વે શાખાઓ.
- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સરકારના અનુદાનથી ચાલતી સર્વે (Grant-in-Aid) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ( નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ સૂચનાઓ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.

* (પત્રથી)

Scanned with CamScanner